જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/૦૧/૨૦૧૯ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૦ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૨/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૩/૧૯**

**નારોલઃ** હરીશકુમાર મહાબલા શેટ્ટી (રહે.નવનીધી બંગ્લોઝ રેડીયો મીર્ચી ટાવર પાસે સેટેલાઇટ) એ તા.૧૦/૦૧/૧૯ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સપ્ટેમ્બર/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નારોલ રાણીપુર પાટીયા સી.એન.આઇ.ચર્ચ સામે આવેલ "વી.બી.એસ.ટેક્ષ્ટાઇલ પ્રા.લી.નામની ફેકટરી ખાતે આરોપી (૧) આલોક જૈન ઉર્ફે અશોક બાફના (૨) પન્નાલાલ ઉર્ફે પંકજ માલવીયા (મુંબઇ ૩૪૧ ત્રીજો માળ કેવલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ લોવર પેરેલ વેસ્ટ મુંબઇ -૧૩ ખાતે આવેલ મેસર્સ અરનાથ ટેક્ષ ફેબ પ્રા.લી.ના ડાયરેકટર) અને (૩) મેનેજર રાજેન નાઓએ ભેગા મળી હરીશકુમાર પાસેથી કાપડનો માલ કુલ ૧,૧૭,૧૯૩ મીટર કિમત રૂપિયા ૧,૩૫,૫૩,૭૮૪/- તથા જીંદાલ ક્રિએશન કંપનીમાંથી કાપડ કિમત રૂપિયા ૧,૩૦,૦૦,૦૦૦/-તેમજ ગોપી સીંથેટીક કંપનીમાંથી કાપડ કિમત રૂપિયા ૪૯,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૧૪,૫૩,૭૮૪/- માલની ખરીદીનો ઓર્ડર આપી, કાપડનો માલ મેળવી લઈ માલ પેટે ચેક આપતા આપેલ ચેક જુદી-જુદી તારીખના ચેક બેન્કમાં ભરતા, ચેક રીટર્ન થતા, તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એ.જાદવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૪/૧૯**

**ઘાટલોડીયાઃ** વિનોદભાઇ અરવિંદભાઇ પટેલ (રહે.ન્યુ સતાધાર કોમ્પલેક્ષ સી.પી.નગર ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૧/૧૯ બપોરના ૨/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાની વિટી નંગ-૨, સોનાની બુટ્ટી અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.પ્રસાદ ચલાવે છે.

**ખાડીયાઃ** અશ્વિનભાઇ પરષોત્તમભાઇ ઠક્કર (રહે.સીદીની પોળ કોટની રાંગ સારંગપુર ખાડીયા) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૧/૧૯ સાજના ૭/૦૦ થી તા.૧૦/૦૧/૧૯ કલાક ૯/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની અગાશી ઉપરથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૩૦,૭૦૦/-, ચાંદીની લગડી કિંમત રૂપિયા ૧૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૬,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.પાટીલ ચલાવે છે.

**<u>બળજબરીથી કઢાવી લેવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૫/૧૯</u>**

**સોલા હાઇકોર્ટઃ** મુકેશચંદ્ર દલવવીરસિંગ યાદવ (રહે.ભલાભાઇની ચાલી સેક્ટર-૩ ચાણકયપુરી) તા.૦૯/૦૧/૧૯ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે ડમરૂ સર્કલથી આગળ આવેલ ચાણકયપુરી બ્રીજ નીચે એક્સીસ બેંકના એ.ટી.એમ આગળ ત્રણ અજાણ્યા છોકરાઓએ મુકેશચંદ્ર યાદવને ડરાવી ધમકાવી રોકડ રૂપિયા ૨૩,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૬,૦૦૦/- બળજબરીથી કઢાવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મુકેશચંદ્ર યાદવે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**<u>બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૬/૧૯</u>**

**જીઆઈડીસી વટવાઃ** મોહનપુરી પ્રેમપુરી (ઉ.વ.૫૩) (રહે. દુર્ગાનગર ગોપીનાથ ઇન્ડસ્ટ્રીયલ સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૧૯ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ-૧ માં ઉશાંતી કલર લી. નામની ફેકટરીમાં સી.એમ.સી પ્લાન્ટમાં કામ કરતા હતા ત્યારે બીજે માળેથી પગ લપસી જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૭/૧૯</u>**

**ખોખરાઃ** સિધ્ધેશ હેમંતભાઇ સાવંત (ઉ.વ.૧૪) (રહે.દિપસાગર એપારટમેન્ટ મણીયાસા બગીચા સામે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૧૯ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ બી.કે.વાઘેલા ચલાવે છે.

**મેઘાણીનગરઃ** શીલાદેવી રામસીયા ગુપ્તા (ઉ.વ.૨૧)(રહે.અમરાજીનગર ગલી નં-૪ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૯/૧/૧૯ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ એમ.ડી.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.